


## સલામી સવારની..

- તો પછી, ગધેડાં ગણવાનું કામ કરશે કોણ?
મતદાન યાદી ચૂંટણીનું, કામ કરશે કોણ?
સાંભળશે કોણ તમારો ખોટો-સાચો કોણ?!
છોરાંની ભીડ ભેગી કરવા, કામ કરશે કોણ?!
(લ્યો! શિક્ષણ સિવાયનું કામ નહીં સોંપાય?!)

હાઈકુ

સચિવાલય -
કર્મીને પહેરાવો,
ખાદીનો ડ્રેસ!!
(જોહુકમી ભરી વિનંતી)

પ્હેલાં ભણાવો,
સરકારી શાળામાં -
તમારાં છોરાં...
(સાહેબો, ગુણવત્તા
આપોઆપ વધી જશે

## ચિંતન

**વિદ્યા ધનમધનાનામ્ ।**

વિદ્યા નિર્ધનનું ધન છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

નિર્ધન-દરિદ્ર માનવીની પાસે જો વિદ્યા હોય અર્થાત્ તે વિદ્વાન હોય તો એ અકિંચન નથી રહેતો કારણ કે તે પોતાની વિદ્વતાના બળે કોઈને કોઈ આજીવિકા ખોળી કાઢે છે, અને પોતાની વિદ્યાના બળે તે સમાજમાં પૂજનીય બને છે.

કોઈ પણ એક કળા-હુન્નર - (ટેકનિકલ કે સામાન્ય જ્ઞાન) આંગળી અને મનના ટેરવે હોય તો માણસ કદી દુ:ખી થાય જ નહીં - બંને કમ કે કમ આજીવિકા તો મળી જ રહે છે :

કચ્છમાં એક ઓરમાન માતા પોતાની પુત્રીને સજા સ્વરુપે બધાને ત્યાં પોતાને બદલે પાપડ વણાવવા મોકલતી - પરિણામે પ્રેક્ટીસને કારણે એનો હાથ બેસી ગયો પાપડના મસાલા અને વણાટ માટે લોકો એને જ આમંત્રણ આપી બોલાવવા લાગ્યા. આસપાસના ગામોમાં પણ એની ખ્યાતિ વધી - આવક થવા લાગી. અપરમાતા એ સન્માનપૂર્વક ઘેર ગૃહોદ્યોગ શરૂ કરી દીધો.

## સુવિચાર

- દેખે મનકી ગંદકી, દેખે મન ના દોષ, દેખી, દેખી, દેખતા, મન થાશે નિર્દોષ - **જનકલ્યાણ**
- ભલું કરવું એ કર્તવ્ય નહિં પણ આનંદ છે,
  જેનાથી તમારા સ્વાસ્થ્ય અને અને સુખમાં વૃદ્ધિ થાય છે - **અષો જરથુષ્ટ્ર**
- પોતાના પગ પર ઊભેલો ખેડૂત બીજાના સહારે ઊભેલા શ્રીમંત કરતાં વધારે સુખી છે - **પોલેન્ડની કહેવત**
- માણસની યાદ રાખવાની શક્તિ પણ નહિ પણ એની ભૂલવાની શક્તિ ઉપર
  એના સુખનો આધાર હોય છે - **મોહમ્મદ માંકડ**
- બિલાડી જેમ દૂધ જ જુએ છે, પોતાને માથે ઉગામેલી લાકડીને જોતી નથી,
  તેમ લોભી માણસ ધન ને જુએ છે, પરંતુ આપત્તિને જોતો નથી - **સુભાષિત**
- જીવનને અજ્ઞાતની યાત્રા છે, ભૂતકાળથી ભરેલું મન નહિં પણ
  ખાલી મન એ યાત્રામાં વધુ ઉપયોગી છે - **રજનીશ**
- આજનું ઓષધ : બે ચમચી મધમાં એક ચમચી લીંબુનો રસ મેળવી સવાર-સાંજ પીવાથી બ્લડ પ્રેશર ઓછું થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

માતા-પિતા-ગુરુ-શિક્ષક જાતે સદાચારી-નિર્વ્યસની-વાત્સલ્યથી ભરપૂર હોય તેમની દષ્ટિ માત્ર જ શિસ્ત અને કડક આદેશ બની જતી હોય છે એમને આદેશો અને કડક સૂચનાની જરૂર જ પડતી નથી.

યુરોપમાં 'હેગ' નામનો એક કર્તવ્યનિષ્ઠ સદાચારી લશ્કરી અમલદાર હતો - તેનો સ્વભાવ ઉગ્ર હતો - ગુસ્સે થાય ત્યારે બૂમોથી આકાશ ગજવી નાખતો પણ સૈનિકોને એ ખૂબ પ્રેમ કરતો સૈનિકો પણ તેના વાત્સલ્યપૂર્ણ વર્તાવથી પણ વાકેફ હતા.

હેગનો કડક આદેશ હતો કે જયારે સૈનિક ફરજ પર હોય ત્યારે તેણે 'વ્યસન'નું સેવન ન કરવું.

એક ચોકીદારે ચારે તરફ જોઈ 'કોઈ નથી'ની ખાતરી કરી 'સિગારેટ' સળગાવી ઝપાટાબંધ ચૂસકીઓ લેવા લાગ્યો. અચાનક ઘોડે સવાર હેગ તેની સામે આવી ઊભા - સૈનિકે સિગારેટ ફેંકી ધ્રૂજતો ઉભો રહ્યો - હેગે ઘોડા પરથી ઉતરી સિગારેટ પગથી મસળી સૈનિક સામે દષ્ટિ ફેંકી હેગને મળવા ગયો અને રડતા રડતાં માફી માગી - વ્યસન છોડવાની પ્રતિજ્ઞા લીધી.

# સહિયારા પુરુષાર્થ દ્વારા ગુનાઈત માનસિકતા બદલવાની જરૂર

**તંત્રીસ્થાનેથી...**

છેલ્લા ઘણા દિવસથી સતત ગાજતો રહેલો નલિયા દુષ્કર્મ કાંડ આપણા વર્તમાન સમાજજીવનની વરવી વાસ્તવિકતા સમાન છે. એવું નથી કે આવી દુર્ઘટના કોઈ એક જ શહેર કે વિસ્તારમાં બનતી હોય. જો ઝીણવટપૂર્વક તપાસ હાથ ધરાશે તો ગુજરાતમાં આવાં સેંકડો નલિયા મળી આવશે. મોટા ભાગે આવી બાબતો પર અંધારપછેડો ઓઢાણી દેવાતો હોય છે અને છીંડે ચડ્યો તે ચોર - એ ન્યાયે કોઈ રડી ખડી ઘટના બહાર આવી જતી હોય છે. દિલ્હીના નિર્ભયાકાંડ પછી દેશભરમાં આવાં કુત્સિત કર્મો અને એમાં સંડોવાયેલ અપરાધીઓ વિરુદ્ધ મોટો જુવાળ ઊભો થયો હતો. સરકારને નાછૂટકે પ્રજામાનસની રગ પારખીને બળાત્કારને લગતો કાયદો સુધારીને વળુ કડક બનાવવો પડ્યો હતો. ગુનેગારોને વહેલી તકે સજા પણ સંભળાવી દેવી પડે એવી સ્થિતિ સરજાઈ હતી. આ બધું સમું સૂતરું પાર પડ્યા પછી શું દુષ્કર્મની ઘટનાઓમાં ઘટાડો થયો છે? આપણી પ્રજાનો વિરોધ, ઊહાપોહ કે હોબાળો આવેશ આધારિત હોય છે. બહુ જ જલ્દી એ આવેશનો ઊભરો શમી જતો હોય છે. નિર્ભયા કાંડ પછી એવા જ બલકે એથી પણ વધુ જુગુપ્સાપ્રેરક ઘટનાઓનો સિલસિલો જારી જ રહેવા પામ્યો છે. નલિયા કાંડ એવો જ એક વધુ જુગુપ્સાપ્રેરક કાંડ છે. એમાં સંડોવાયેલા રાજકારણીઓને કારણે એ વધુ ચર્ચિત બન્યો છે. વાડ જ ચીભડાં ગળવા માંડે ત્યારે જે પરિસ્થિતિ સરજાય તે નલિયાકાંડની પીડિતાના નિવેદનમાં છતી થાય છે. વાસના સર્વવ્યાપી દૂષણ છે. એ મુદ્દે માણસ અને પશુ વચ્ચે કોઈ ફરક નથી. વિવેક નૈતિક મૂલ્યો આગવી અને મૂઠી ઊંચેરી ઓળખ આપે છે. પરંતુ જયારે વાસનાનો કીડો સળવળે, આસપાસ કાઈ જોનારું ન હોય, ગોપનીય ઢબે આચરાતા, દુષ્કૃત્યથી પોતાની પ્રતિષ્ઠાને આંચ આવવાની સંભાવના ન દેખાતી હોય ત્યારે માણસમાં પડેલું હિંસક, આદિમ પશું ફૂંફાડા મારતું ધસી આવતું હોય છે. આ માનસિકતા બદલવા માટે યુગોથી ઋષિમુનિઓ, કવિ-મનીષીઓ અને યોગીઓ-સંતો ઉપદેશ આપતા રહ્યા છે, મહાકાવ્યો રચતા રહ્યા છે, એનાં વિપરીત પરિણામો સામે લાલ બત્તી ધરતા રહ્યા છે, પરંતુ પરિણામ મળી શક્યું નથી. સંસ્કૃતિ પર પ્રકૃતિ હાવી થતી રહી છે. બળિયાના બે ભાગ, એ પ્રાકૃત જીવનનો કાયદો છે. મોટું માછલું નાનાને ગળી જાય છે. સ્ત્રીને શરૂથી જ ઉપભોગનું સાધન ગણવામાં આવી છે. પુરુષ માટે એ આનંદ પ્રમોદનું પ્રકૃતિદત્ત વરદાન ગમાય છે. સંસ્કૃતિએ સ્ત્રીને પૂજ્ય અને પ્રિય પદે પહોંચાડી ખરી, એને સમાન અધિકારો પણ ઉપલબ્ધ કરાવ્યા. પરંતુ પુરુષની માનસિકતા બદલાઈ નહીં. ઑફિસોમાં બૉસ એમના હાથ નીચેની મહિલા કર્મચારીઓનું યૌન શોષણ કરતા હોવાના દાખલા શોધવા જવા પડે એમ નથી. આ કઠોર વાસ્તવ આપણા રોજિંદા જીવનની સાથે એ હદે વણાઈ ગયેલ છે કે એનો કોઈ ઉકેલ જ નથી. નલિયાકાંડમાં શાસક રાજકીય પાર્ટીના આગેવાનો સંડોવાયા છે તેથી એ વધુ ચર્ચાસ્પદ બનેલ છે. ચૂંટણીઓ આવી રહી છે ત્યારે આ મુદ્દો વધુ ને વધુ ચગાવાતો રહેશે. પરંતુ એથી પુરુષની બળાત્કારી માનિસકતાનો કોઈ ઉકેલ મળશે ખરો? આવા મુદ્દાઓ પણ સમાજ અને સરકાર તથા વિપક્ષી પાર્ટીઓ એક મંચ પર આવી એની સામે રક્ષણાત્મક દીવાલ ઉભી કરવા સહિયારો પ્રયાસ કયારે કરશે? શું કોઈ નિર્દોષ દુખિયારી પીડિતાને રાજકારણના રોટલા શેકવા માટેના ઈંધણ તરીકે વાપરવાની વરવી માનિસકતા પ્રજાના પ્રતિનિધિ ગણાતા રાજકીય નેતાઓ કયારેય નહીં છોડી શકે? ખરું જોતાં પક્ષાપક્ષીથી દૂર રહી પીડિતાને ન્યાય અપાવવા અને ગુનેગારોને કડકમાં કડક સજા કરાવવાના સમાન ઉદ્દેશ સાથે બધા નેતાઓએ એક મંચ પર આવવું જોઈએ એમ નથી લાગતું?

# ગુજરાત પ્રોહિબીશન અધ્યાદેશ-૨૦૧૬




**ગુજરાતને વ્યસન મુક્ત, નશા મુક્ત બનાવવાની પહેલ**

ગુજરાત દારૂ બંધીની કડક અમલવારી માટે નવો અધ્યાદેશ જારી કરવામાં આવ્યો છે. ગુજરાત પ્રોહિબીશન એકટ ૧૯૪૯ માં સુધારા જારી કરી ૨૦૧૬ નો નવો અધ્યાદેશ જારી કરવામાં આવ્યો છે અને આ કાયદાનો સખ્તીથી અમલ કરવા માટે ગુજરાત રાજયનું ગૃહ ખાતુ સક્રિય છે.

જો કોઈ પણ વ્યક્તિ જાહેર સ્થળે દારૂ કે નશાનું સેવન કરીને ત્રાસ વર્તાવે, ઝઘડો કરે અથવા જાહેર રસ્તા ઉપર જયાં લોકોને પસાર થવાની છૂટ હોય તેવા સ્થળે દારૂ પી અસભ્ય વર્તન કરે અશિષ્ટ ભાષાનો પ્રયોગ કરે અગર તો વર્તન કરે મારા મારી કરે કોઈ સ્ત્રી સાથે ગેરવર્તન કરે અથવા અશ્લીલ વર્તન કરે તો તેવી વ્યક્તિ દોષીત ઠરવાથી ત્રણ વર્ષની સજા તેમજ એક વર્ષથી ઓછી નહિ તેટલી કેદની સજા અને દંડની જોગવાઈ નવા સુધારામાં આવેલ છે.

જો કોઈ વ્યક્તિ ખાનગી કે જાહેર જગ્યામાં પીઠુ ખોલે, દારૂ ગાળે દારૂનું વેચાણ કરે સંગ્રહ કરે અને મુદ્દામાલ સાથે પકડાય તો દશ વર્ષ સુધીની જેલ અને ૧ લાખ જેટલા દંડની જોગવાઈ કરવામાં આવેલ છે અને આવા ગુન્હા બદલ પકડાતા જામીનની જોગવાઈ રદ કરવામાં આવેલ છે. પ્રોહિબીશન એકટની કલમ ૬૮ મુજબ આવી વ્યક્તિ સામે કેસ ચલાવી દંડ અને સજા બન્ને ફરમાવવામાં આવે છે.

કલમ ૯૨ મુજબ ગુન્હા માટે મુક્ત કરવા કેદની સજાને બદલે સમાજ સેવા કરવા કલમ ૬(૧)(બી) મુજબ ઉત્તેજક પીણા માટે પ્રથમ ગુન્હા માટે ગુનેગાર ઠરેલ વ્યક્તિને કલમ ૮૫(૧) મુજબ દારૂ પીવા માટે અથવા તો બન્ને ગુન્હા માટે ચોક્કસ સમય માટે સાદી કેદની સજા કરવામાં આવે ત્યારે આવી સાદી કેદની સજાને બદલે આવી વ્યક્તિને જામીન સાથેનું ખત નામદાર કોર્ટમાં ભરવાનું રહેશે અને નક્કી કર્યા મુજબની રકમના જામીન તથા તેની શરતનું પાલન કરવા જામીન ખત રજુ કરવામાં આવે ત્યારે નામદાર કોર્ટ દ્વારા આવી વ્યક્તિને કેદની સજા સાથે નક્કી કરેલ ઉત્તેજીત પીણામાંથી મુકત થવા માટે તથા તબીબી સારવાર આધીન રહેવા પણ હુકમ કરી શકે છે તથા સાથોસાથ આવી વ્યક્તિ શરતનો ભંગ કરે તો પોલીસ અધિકારી દ્વારા ધરપકડ વોરંટથી પકડી બાકીની સજા પૂરી કરવામાં આવશે તથા સાદી જેલના બદલે સમાજ સેવા કરવાનું પણ નામદાર કોર્ટે ફરમાવી શકે છે જેમાં શૈચાલય સાફ કરવા હોસ્પિટલની સાફસફાઈ કરવી વિગેરે.

કલમ ૯૭ મુજબ ધરપકડ કરેલ વ્યક્તિને નાસી ભાગી જવામાં મદદરૂપ થવું અથવા ગુન્હેગારને મદદ કરવી મુદ્દામાલ સંતાડવો આ અધિનિયમ વિરૂધ્ધનો ગુન્હો કરવામાં મદદગારી કરે અને સરકાર અથવા સ્થાનિક સત્તાધિકારોના લોકો જો કોઈ અધિકારી જે આ અધિનિયમ વિરૂધ્ધ ગુન્હો કરવામાં મદદગારી કરે તો તેવી વ્યક્તિ દોષીત ઠરતા ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડ જે પંચાસ હજાર સુધી અગર તો કેદ અને દંડ બન્નેની સજા ગુન્હાની ગંભીરતા જોતા નામદાર કોર્ટ ફરમાવી શકશે.

કલમ ૯૭(૨) મુજબ કોઈ પણ અધિકારી અથવા પોલીસ કર્મી આ ગુન્હામાં પકડાયેલ વ્યક્તિની મદદગારી કરે તો આવી મદદગારી કરતા પકડાયેલ વ્યક્તિને ૭ વર્ષની કેદ અને એક લાખ સુધીનો દંડ અગર તો બન્ને સજા નામદાર કોર્ટ ફરમાવી શકે છે પહેલા એક હજારનો દંડ અને એક વર્ષની કેદની જોગવાઈ હતી જેમાં સુધારો કરી કડક સજા ફરમાવેલ છે.

કલમ ૯૮ મુજબ દારૂ ગાળવામાં બનાવવામાં ઉપયોગ લેવાયેલ પદાર્થો, વસ્તુઓ અને વાસણો કે ધાતુપાત્રો સરકાર હસ્તક કરવામાં આવશે અને ખાલસા કરવામાં આવશે આવો મુદ્દામાલનો નાશ કરવામાં આવશે. ભાંગ, ગાંજો, મહુડો કે કેફી પદાર્થ બનાવવા રાખવામાં આવતા સાધનો તથા મુદ્દામાલનો નાશ કરવામાં આવે છે.

અનુસંધાન પાના નં. ૭ પર

## નિરાંત...

વૃક્ષ પર સુંદર માળો બાંધીને
મન મહીં ચકલી વિચારે છે
ઠેર ઠેર ઉડવાની તકલીફ નહીંને
વૃક્ષે વૃક્ષે વસવાની ચિંતા નહીં રે
મારો પોતાનો આ રૂડો માળો ને
મારો પોતીકો આ વસ્તાર રે,
હાશ ! આ માળામાં કેવી નિરાંત રે!
અરે! આ ઘરમાં કેવી મિરાત રે!
વીત્યો સમયને...
બચ્ચાં થયાં,
ચાંચમાં ચાંચ નાંખી ચકી
બચ્ચાંને પોષે
સોડમાં લપાઈ બચ્ચાં
નિરાંતે ઊંઘે
મોટાં થયાં બચ્ચાં
ફૂટ્યો પાંખોમાં ફફડાટ
માળાની બહાર ડોકીયું કર્યું
નવીન દુનિયા જોવાને ઊડ્યું
સાંજ પડી પણ પાછું ન ફર્યું
રાહ જોઈ ચકી થાકી, મનમાં વિચાર્યું
કરી જેના માટે આ મહેનત
શું એણે નવી દુનિયા દીધી વસાવી !
મારી મમતાની માયા પણ ના અડી
વિચારોની પરંપરા ચાલી....
ચકીએ મમતાને અપેક્ષાથી અળગી કરી
પછી ચકી નિ..રાં..તે. સૂતી

**- અનિલા શાહ**

# શરીરની કરચલી એટલે વૃદ્ધત્વ જ નહીં પણ અનુભવની ખાણ




એક સ્ત્રીના જીવનનો સૌથી વધુ સુંદર પડાવ એટલે માતામાંથી દાદી બનવાનો, નાનીમા બનવાનો આનંદ, પૌત્ર-પૌત્રી સાથે રમવાનો આનંદ. ઉંમરના આ પડાવે પહોંચેલી સ્ત્રી પાસે અનુભવનું વિશાળ ભાથું હોય છે. ગમે તેટલી જટિલ પરિસ્થિતિને પણ એ કુશળતાપૂર્વક handle કરી શકે છે. તે હવે વધુ શાંત, સ્થિર અને મક્કમ હોય છે. તેનામાં માફ કરવાની, જતુ કરવાની અને સહન કરવાની ગજબની તાકાતના દર્શન પરિવારના તમામ સભ્યોને થાય છે. હવે તે પોતાની જાત પ્રત્યે થોડી વધુ સજાગ બની ગઈ છે, સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખતી થઈ છે. જો કે તેનું કારણ પોતે પીડા ન ભોગવવી પડે એટલું જ નથી પરંતુ, તે જાણે છે કે ઘરના સભ્યોને તેના બિમાર થવાથી હેરાન થવું પડશે. તે ઘરના તમામ સભ્યોની સુખ-સગવડનો વિચાર કરે છે. તેના જીવનની તમામ નાની-મોટી ક્ષણોનું એક આખેઆખું મૂવી તેના માનસપટ પર રમતું રહેતું હોય છે. એકાંતમાં બેસીને કયારેક તે આંખો બંધ કરીને પોતાની જિંદગીના recap ને માણતી વખતે હસી પણ લે છે અને રડી પણ લે છે! હવે તેનામાં આમ કર્યું હોત કે તેમ કર્યું હોત ના બદલે 'હશે' માં જ વાત પૂરી કરીને આગળ વધવાની સમજણ આવી ગઈ છે.

સ્ત્રી જયારે જીવનના આ અંતિમ ચરણમાં પહોંચે ત્યારે તેની દીકરી અને પુત્રવધૂ તેની સૌથી વધુ અંગત મિત્ર બની જાય તો જીવનની આ સંધ્યા ખુબ સુંદર રીતે ખીલી ઊઠે છે. તેને હવે પારકી પંચાતમાં પડવું ગમતું નથી. જીવનના આ તબક્કે તેના માટે ત્રણ બાબતો ખૂબ જ અગત્યની હોય છે. એક તેનું તંદુરસ્ત સ્વાસ્થ્ય, બીજું તેની આર્થિક સ્થિરતા અને સૌથી વિશેષ અગત્યની બાબત પરિવારના તમામ સભ્યોનો તેના પ્રત્યેનો પ્રેમ અને આદર. તે પરિવારના સભ્યોની પોતાની તરફની ઉપેક્ષા સહી શકતી નથી. તે થોડી વધુ સંવેદનશીલ બની ગઈ હોય છે. પોતાની વ્યથા કે વેદના તે જાહેરમાં વ્યક્ત થવા દેતી નથી. પરંતુ અંદરથી તેને સતત ઝંખના હોય છે કે તેને આખીય જિંદગી મહેનતપૂર્વક, લાગણીથી અને પ્રેમપૂર્વક જે પરિવારને પોષ્યો અને સ્નેહથી સીંચ્યો છે તે આજે હર્યોભર્યો અને મહેકતો પરિવાર રહે. ઘરમાં પુત્રવધૂ આવી હોય ત્યારે શરુઆતમાં જે મુંઝવણ અને અકળામણ એણે અનુભવી હતી તે આજે સદંતર ગાયબ જણાય છે. તે હવે પરિવારના સભ્ય તરીકે પુત્રવધુને સ્વીકારી ચૂકી હોય છે. પોતાના પતિનું સ્વાસ્થ્ય, માતા-પિતાની આબરુ, બાળકોનું ભણતર એ તમામ સુપેરે સાચવ્યાનો સંતોષ એની આંખોમાં એક અનોખી ચમક અને આત્મવિશ્વાસમાં અકલ્પનીય વધારો કરી દેતો હોય છે. જીવનના આ તબક્કે તેના માટે સૌથી વધુ હૂંફ તેના જીવનસાથી તરફથી મળે તેવી તેને અપેક્ષા હોય છે.

જયારે સ્ત્રીના જીવનના આ તબક્કે તેના જીવનસાથીનો હાથ તેનાથી છૂટે ત્યારે તેના પર આભ તૂટી પડ્યું હોય તેમ તે સાવ ખાલી થઈ જાય છે. પણ હિંમત રાખીને બાળકો પર તેની અસર વધુ ગંભીર ન થાય તે માટે તે જાગૃત રહે છે. એકાંતમાં ચોક્કસ આંસુ સારી લે છે પણ પોતાના ઘર પરિવારને વીખેરાઈ જવાથી બચાવી લે છે. હવે ઈશ્વર સાથેનું તેનું અનુસંધાન વધુ ગાઢ બની જાય છે. પોતાની જાતને ઈશ્વરમાં વધુ પરોવી અન્ય દુન્યવી વસ્તુઓની અને બાબતોથી તે અલિપ્ત બની જાય છે. પરંતુ, એનો અર્થ એ નથી કે તે ખુશ રહેવાનું ભૂલી જાય છે. તે પુત્રવધુ સાથે બેસીને મૂવી પણ જોવે છે અને પૌત્ર-પૌત્રીને વાર્તા પણ સંભળાવે છે. વૃદ્ધત્વનો પણ એક ચાર્મ હોય છે એ તેના ચહેરા પરથી ઝળકતો સ્પષ્ટ જોઈ શકાય છે. આસપાસની કોઈ પણ સ્ત્રીની કોઈપણ પ્રકારે મદદ કરવા તે તત્પર રહે છે. તેનામાં સંયમ, સ્થિરતા અને ધૈર્ય હોવાને કારણે તે પોતાની વાત વધુ સારી રીતે સામેની વ્યક્તિને સમજાવી શકે છે કોણ કહે છે કે સ્ત્રીને સમજવી મુશ્કેલ છે, આ તો એક સંવેદના છે જેને વર્ણવી ન શકાય માત્ર અનુભવી જ શકાય છે! એક સ્ત્રી અન્ય સ્ત્રી સાથે પ્રેમપૂર્વક સમજીને રહે અને દુશ્મન ન બને તો વિશ્વની કોઈ સ્ત્રી કયારેય મજબૂર, લાચાર કે પીડિત નહીં રહે.

Last Seen :

શરીરની કરચલી
એટલે
વૃદ્ધત્વ જ નહીં
પણ
અનુભવની ખાણ.

**- પારસ એસ. હેમાણી 'આપણી વાત'**

- nehalgadhavi101@gmail.com

# મોદીયુગના દીનદયાળ વર્ષમાં 'અખંડ ભારત'નો એજન્ડા




- વડાપ્રધાન સહિતનાના આસ્થા-પ્રેરણાસ્થાનના શતાબ્દી વર્ષની સપ્ટેમ્બર લગી ઊજવણી
- કૉંગ્રેસી તરીકે ૧૯૨૯માં પહેલીવાર ધારાસભામાં પ્રવેશેલા ડૉ.મુકરજીના અનન્ય સંઘપ્રચારક-સાથી
- નાનાજીની માંગણી મુજબ ત્રણ ન્યાયાધીશોનું પંચ દીનદયાળહત્યાના રહસ્યને ઉકેલે તો ગનીમત
- અખંડ ભારતના સમર્થકોમાં સંઘપરિવાર ઉપરાંત મુનશીથી લઈને મહાત્મા સુધીનાને મૂકવા પડે
- લશ્કરવિહોણી સરહદોનું નિર્માણ કરવાના આદર્શમાં ગાંધીજી, લોહિયા અને દીનદયાળ સંમત હતા

જૈન ફિલસૂફીમાં 'અનેકાંતવાદ'નું મહાત્મ્ય છે. ભારતીય સંસ્કૃતિના મૂળમાં જ એક જ સત્યને અનેક દષ્ટિએ રજૂ કરવાની વિચાર-પ્રવૃત્તિ અપેક્ષિત છે. લોકશાહીનો એ જ તો આત્મા છે. આગામી ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૭ સુધી ભારત સરકાર અને તમામ રાજ્ય સરકારો તેમજ શિક્ષણ સંસ્થાઓમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની શતાબ્દીના નામે એમના આચાર-વિચારનું વર્ષ ઊજવાશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના સાંસદ રહેલા ડૉ. મહેશચંદ્ર શર્માના નેતૃત્વમાં કાર્યરત એકાત્મ માનવ પ્રતિષ્ઠાન અને દીનદયાળ શોધ સંસ્થાનના પ્રયાસોના ફળસ્વરૂપ પ્રભાત પ્રકાશને તૈયાર કરેલા ૧૫ ગ્રંથોના 'સંપૂર્ણ વાઙ્ગમય'નું લોકાર્પણ કર્યું હતું. વડા પ્રધાન મોદી જ નહીં, સંઘ-જનસંઘ-ભાજપ અને સંઘ પરિવારનાં તમામ સંગઠનો માટે પંડિત દીનદયાળ આસ્થા અને પ્રેરણાનું સ્થાન છે.

કૉંગ્રેસી ધારાસભ્ય તરીકે ૧૯૨૯માં પહેલીવાર બંગાળની ધારાસભામાં પ્રવેશેલા ડૉ. શ્યામાપ્રસાદ મુકરજી સમયાંતરે હિંદુ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ થયા. ૨૩ માર્ચ ૧૯૪૦ના રોજ લાહોરમાં મુસ્લિમ લીગના અધિવેશનમાં 'પાકિસ્તાન ઠરાવ' રજૂ કરનાર બંગાળના પ્રીમિયર ફઝલુલ હકના વડપણવાળી બંગાળ સરકારમાં ૧૯૪૧-૪૨ દરમિયાન ડૉ. મુકરજી નાણાં પ્રધાન હતા. આશ્ચર્ય પામવાની જરૂર નથી કારણ હિંદુ મહાસભા અને મુસ્લિમ લીગની સંયુક્ત સરકારોનો યુગ પણ બ્રિટિશ ઈન્ડિયાએ નિહાળ્યો છે. હિંદુ મહાસભાથી અલગ થઈને ડૉ. મુકરજી કૉંગ્રેસી વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના વડપણવાળી પ્રથમ સ્વતંત્ર ભારત સરકારમાં ઉદ્યોગ પ્રધાન હતા. એ સરકારમાંથી નેહરુ-નૂન સમજૂતી-કરારમાં પૂર્વ પાકિસ્તાનના હિંદુઓના હિતની ઉપેક્ષા થઈ રહ્યાના મુદ્દે એમણે રાજીનામું આપ્યું. 'હિંદુરાષ્ટ્ર' સામે વિરોધ નોંધાવતાં પત્રકાર પરિષદને સંબોધનાર ડૉ. શ્યામાબાબુએ 'હિંદુ રાષ્ટ્ર'ના આગ્રહી આરએસએસના દ્વિતીય સરસંઘચાલક માધવ સદાશિવ ગોળવળકર (શ્રી ગુરુજી)ના સક્રિય સહયોગમાં કૉંગ્રેસવિરોધી રાજકીય મંચ એવા ભારતીય જનસંઘની ૧૯૫૧ના ઓક્ટોબરમાં સ્થાપના કરી. એના પ્રથમ રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા. શ્રી ગુરુજીએ એમને મજબૂત વિચારક અને પ્રચારક એવા પંડિત દીનદયાળ આપ્યા. દીનદયાળ છેક ૧૯૬૭ લગી જનસંઘના રાષ્ટ્રીય મહામંત્રી રહ્યા. જમ્મુ-કાશ્મીરના પ્રીમિયર શેખ અબદુલ્લાની જેલમાં ૧૯૫૩માં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ પામેલા શ્યામાબાબુના અનન્ય સાથી અને ડિસેમ્બર ૧૯૬૭માં જનસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ બનેલા પંડિત દીનદયાળ પણ ૧૧ ફેબ્રુઆરી ૧૯૬૮ની રાતે અપમૃત્યુને ભેટ્યા. મુઘલસરાઈ રેલવે સ્ટેશન પાસે રેલવેના પાટા પરથી તેમની લાશ મળી હતી. આજ લગી એમનું મૃત્યુ-રહસ્ય અકળ રહ્યું છે, પણ આજે દેશ તથા વિવિધ રાજ્યોમાં સત્તાસ્થાને પહોંચેલા ભાજપની વિચારધારાનું ઘડતર પંડિત દીનદયાળને આભારી છે. ડૉ. શ્યામાબાબુએ કહ્યું હતું : 'મને દીનદયાળ જેવા વધુ બે કર્મઠ કાર્યકર્તા મળી જાય તો હું દેશની શકલ બદલી નાંખું.' સંઘના વરિષ્ઠ પ્રચારક રહેલા અને દિલ્હીસ્થિત દીનદયાળ શોધ સંસ્થાનના સંસ્થાપક રહેલા સ્વ.નાનાજી દેશમુખની માંગણી મુજબ, વડા પ્રધાન મોદી આવતા વર્ષમાં ત્રણ ન્યાયાધીશોની પૂર્ણ તપાસ સાથે દીનદયાળ હત્યાના રહસ્યને ઉકેલવાનું શક્ય બનાવે તો વર્ષની ઉજવણી લેખે લાગી ગણાય.

હમણાં 'દીનદયાળ ઉપાધ્યાય : સંપૂર્ણ વાઙ્ગમય'ના તમામ ૧૫ ગ્રંથો જોઈ જવાનું શક્ય બન્યું.અગાઉ સંઘના વરિષ્ઠ પ્રચારક અને સાંસદ રહેલા નાનાજી દેશમુખ સાથેના અંતરંગ સંબંધને કારણે દીનદયાળજીની અનેક વણકહી વાતો જાણવા મળી હતી. જનસંઘ-ભાજપ માટે પાયાના પથ્થર ગણી શકાય એવાં બે વ્યક્તિત્વો ડૉ. શ્યામાબાબુ અને પંડિત દીનદયાળ હવે તો ભાજપી કાર્યક્રમોમાં માત્ર મંચની પાછળના બૅનર પર છબિ તરીકે અંકાઈ જવા પૂરતાં સીમિત થઈ ગયાં છે. એવા સમયે વડા પ્રધાન અને સંઘના પ્રચારક રહેલા નરેન્દ્ર મોદી તથા ડૉ. મહેશચંદ્ર શર્માના પ્રતાપે બેઉ વ્યક્તિત્વોમાંથી મહત્ત્વના વિચારક એવા દીનદયાળના સાદગીભર્યા વ્યક્તિત્વ અને સમૃદ્ધિભર્યાં વિચારનો પરિચય આવતા વર્ષ દરમિયાન સામાન્યજનને મળશે. પંડિત દીનદયાળને સમજીને આચરણમાં મૂકવામાં આવે તો ગાંધીજીના 'સર્વોદય'ની કલ્પના અને પંડિતજીના 'એકાત્મ માનવવાદ'ની કલ્પના એકાકાર થઈને સામાન્ય જનતાને સ્વાભિમાની અને આપબળે વિકાસ સાધવા પ્રેરે એવો સુગમ સંગમ યોજાય. અત્યાર લગી સંઘ વિરુદ્ધ ગાંધીવિચારને મૂકીને સમાજને થયેલા નુકસાનની ભરપાઈ થવાનો માહોલ આ વર્ષ દરમિયાન રચી શકાશે. એટલે જ સવિશેષ જવાબદારી ડૉ. મહેશચંદ્ર શર્મા અને પંડિત દીનદયાળના વિચારને વરેલા કાર્યકરોને શિરે આવે છે, જેથી દીનદયાળ શતાબ્દી વર્ષની ઊજવણી માત્ર વિધિ-વિધાન બનીને ના રહે.

હમણાં ઉત્તર પ્રદેશની અખિલેશ સરકારના વરિષ્ઠ પ્રધાન આઝમ ખાને કહેલા શબ્દોનું પણ આ તબક્કે સ્મરણ થવું સ્વાભાવિક છે. 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે એનો શહેનશાહ (વડા પ્રધાન મોદી) તૈયાર કર્યા પછી હવે પોતાનો અનામતવિરોધી અને બીજો એજન્ડા લાગુ કરવાની દિશા પકડી છે.' આઝમ ખાન ખૂબ સૂચક શબ્દોમાં વાતને મૂકે છે. અભ્યાસી છે. ભણેલાગણેલા છે. વિવાદસર્જક નિવેદનો કરવા માટે જાણીતા છે. ક્યારેક સુપ્રીમ કોર્ટે એમને માફી માગવાની પણ ફરજ પાડી છે. ઉત્તર પ્રદેશમાં મુસ્લિમ વસ્તી ઘણી છે. મુલાયમ સિંહની અને હવે અખિલેશની સમાજવાદી પાર્ટીને આઝમ ખાન જેવાનો ખૂબ ખપ છે. સંઘની મુસ્લિમવિરોધી છબિ ચમકાવવા ઉપરાંત બિહાર ચૂંટણી પૂર્વેના સંઘના સુપ્રીમો ડૉ. મોહનરાવ ભાગવતના અનામત વિશેના નિવેદનને એ આગળ કરવાનું ભૂલતા નથી.

અનુસંધાન પાના નં. ૭ પર